રાજ્યની એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણીક કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉકશ/૧૨૧૬/૯૧/ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૫-૦૬-૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૬/૭/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૯૮-ઇએમ-૫૩-ગ.૧.

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૨૩/૬/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ.

(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૩૦/૬/૨૦૧૬નો પત્ર ક્રમાંક : ૮૬/ચહક/વિ.શાખા/૨૦૧૬/૧૦૧૭

(૪) નામદાર ગુજરાત હાઇકોર્ટનો **SCA NO. 17582/2016** નો તારીખ ૨૭/૧૨/૨૦૧૬નો ઓરલ ઓર્ડર.

આમુખ:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૬/૭/૧૯૯૮ ના ઠરાવથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો/શિક્ષકો /કર્મચારીઓને તેમની નિમણૂંક જો તારીખ ૩૦/૦૬/૧૯૯૮ સુધીમાં થયેલ હોય તો તેવા ફાજલ થયેલ આચાર્યો/શિક્ષકો/કર્મચારીઓને રક્ષીત ગણી ફાજલ કર્મચારીઓને મળતા તમામ લાભો આપવાનું નિયત કરવામાં આવેલ હતું.

ત્યારબાદ શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૩/૬/૨૦૧૬ના ઠરાવથી તારીખ ૩૦/૬/૧૯૯૮ થી તારીખ ૩૧/૩/૨૦૧૬ના સમયગાળા દરમ્યાન નિમણૂંક પામેલ શૈક્ષણીક/બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલ જાહેર થયેથી ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન ફાજલનું રક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

રાજ્યની બિનસરકારી અનુદાનિત એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવા અંગે કોઇ નીતિ અમલમાં ન હોવાથી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી ના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૩૦/૬/૨૦૧૬ના પત્રથી શિક્ષણ વિભાગના તારીખ ૨૩/૬/૨૦૧૬નો ઠરાવ અનુદાનિત એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ કોલેજોને લાગુ પાડવા દરખાસ્ત કરેલ હતી.

નામ. હાઇકોર્ટના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના SCA No. ૧૭૫૮૨/૨૦૧૬ ના તારીખ ૨૭/૧૨/૨૦૧૬ના હૂકમથી સરકારશ્રીને ફાજલના રક્ષણ આપવા અંગેનો નીતિ વિષયક નિર્ણય ઝડપથી લેવા હુકમ કરેલ છે.

નામ.હાઇકોર્ટના તારીખ ૨૭/૧૨/૨૦૧૬ ના હૂકમના અનુસંધાને રાજ્યની એ.ટી.ડી. અને ફાઈન આર્ટસ કોલેજોના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલ તરીકેનું રક્ષણ આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આ બાબતે પુખ્ત વિચારણાના અંતે, રાજ્યની એ.ટી.ડી. અને ફાઈન આર્ટસ કોલેજોના વર્ગો વિદ્યાર્થી સંખ્યાના અભાવે બંધ થતાં તારીખ ૩૧/૩/૨૦૧૬ સુધી નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલ થયેથી નીચે જણાવેલ શરતોને આધિન રક્ષણ આપવામાં આવે છે.

શરતો :-

(૧) તારીખ ૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં કોલેજના મંજુર મહેકમ પર નિયમાનુસાર નિમણૂંક પામેલ શિક્ષકો ફાજલ જાહેર થયેલ/થનાર તેમજ આજ કારણોસર છુટા કરાયેલ કર્મચારીઓને ફાજલ તરીકેનું રક્ષણ મળવાપાત્ર રહેશે.

(૨) આ સમયગાળા દરમ્યાન સ્વૈચ્છિક નિવૃતિ લીધેલ, વયનિવૃતિ થયેલ, મૃત્યુ પામેલ શિક્ષકોના કેસ રીઓપન કરવાના રહેશે નહીં.

(૩) જો સંબંધિત કર્મચારી તેમને ફાળવેલ જગ્યા ઉપર નહીં જાય તો તેમની નોકરી ગમે તેટલા વર્ષની હોય તેને ધ્યાનમાં લીધા સિવાય નિયમાનુસાર વળતર ચુકવી છુટા કરવાના રહેશે.

(૪) સંસ્થા ફાળવેલ કર્મચારીને હાજર ન કરે તેવા કિસ્સાઓમાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચુકવવો પડે તે ખર્ચ સંસ્થાને ચુકવવાપાત્ર નિભાવ ગ્રાંટમાંથી કાપી લેવામાં આવશે. જો સંસ્થાને સબંધિત કર્મચારીના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી સંસ્થાની માન્યતા રદ કરવા માટેની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૫) જે શિક્ષક/કર્મચારીને ફાજલ તરીકેનું રક્ષણ મળેલ હોય તેને પ્રથમ સંબંધિત જિલ્લામાં અને ત્યાં જગ્યા ન હોય તો નજીકના જિલ્લાની સંસ્થામાં સમાવવામાં આવશે અને તે પ્રમાણે પણ જગ્યા ન હોય તો રાજ્યના ગમે તે જિલ્લાની સંસ્થામાં સમાવવામાં આવશે અને ત્યાં જવુ તેને માટે ફરજીયાત રહેશે.

(૬) બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ઉપર કામ કરતાં કર્મચારીઓને પણ કોઈપણ પ્રકારે ફાજલ કરવાના થાય તો ઉપર જણાવ્યા પ્રમાણેના નિયમો જ લાગુ પાડવાના રહેશે.

(૭) કોઈપણ સંસ્થામાં શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઈન્ટ પ્રમાણે જે તે જગ્યા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જે તે વિષયના ફાજલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ઉપલબ્ધ

ન હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ ફાજલ શિક્ષક/કર્મચારીથી જે તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઈન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૮) કોઈપણ કર્મચારી ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વિના પગારની ચુકવણી ન કરવી પડે તેની તકેદારી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓએ રાખવાની રહેશે. આવા કોઈ કેસ સરકારના ધ્યાન પર આવશે તો તે માટે સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ગણાશે.

(૯) નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ ઠરાવના અમલના કારણે ફાજલને રક્ષણ આપવાપાત્ર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે અને આ રીતે રક્ષિત કરેલ કર્મચારીઓની સંખ્યા જેટલા કર્મચારીઓની જગ્યા તે જગ્યા ઉપર ભરવાની થતી જગ્યામાંથી કમી કરવાના રહેશે. આ અંગેની તમામ જવાબદારી નિયામકશ્રી, શાળાઓની રહેશે.

(૧૦) ફાજલ થયેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીને ફાજલ તરીકે સમાવવા બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના આદેશ આખરી ગણવામાં આવશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ ૧૩-૦૬-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
નાયબ સચિવ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.મા.અને પ્રૌ.) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.મા.અને પ્રૌ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ—૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉ.ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, શાળાઓ, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- એકઝામીનરશ્રી, લોકલફંડ ઓડીટ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખાની ફાઇલ ક્રમાંક: ઉકશ/૧૨૧૬/સી.સી.૪૮/ગ.૧ પર રાખવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઈલ.